# ❖ અંજન

*Cenchrus ciliaris,* L. → સફેદ અંજન ઘાસ,

*Cenchrus setigerus,* L. → કાળુ અંજન ઘાસ



ગૌચર માટેનું બહુવર્ષીય ઘાસ, ઓછા વરસાદ અને સખત ગરમીવાળા સુકા પ્રદેશોને અનુરૂપ છે. આ ઘાસને ધામણ અથવા બફેલ ઘાસ પણ કહે છે. પોષક દ્રવ્યોથી ભરપુર, ખાવાલાયક ચારો આપવા ઉપરાંત તે જમીનનું ધોવાણ પણ અટકાવે છે. ઉનાળાની સખત ગરમીમાં પણ આ ઘાસ તેની લીલોતરી જાળવી રાખે છે. વળી આ ઘાસ તદન સલામત હોઈ પશુ પર કોઈ જ માઠી અસર થતી નથી. કાળુ અંજન ઘાસ ઓછા વરસાદવાળા અને સખત ગરમીવાળા સુકા પ્રદેશોમાં ઉગાડી શકાય છે. પરંતુ આમા ચારાનું ઉત્પાદન ઓછુ મળે છે. આ ઘાસ ૪૫° થી ૪૮° તાપમાન સહન કરી શકે છે અને ગરમ હવા (લૂ) પણ સહન કરી શકે છે. પરંતુ આ ઘાસમાં વધારે સમય પાણી ભરાય રહે તો વૃધ્ધિ અને વિકાસ નબળો થાય છે.

**સુધારેલ જાતો :**

| **ક્રમ** | **જાતનું નામ** | **પાકવાનાં દિવસો (બીજથી બીજ)** | **નોંધ** |
|---|---|---|---|
| ૧ | પુસા યલો અંજન | ૯૦–૧૦૦ | પીળા લાંબા પાન, ફુટ સારી, અછત સામે પ્રતિકારક |
| ૨ | CAZRI-75 (મારવાડ અંજન) | ૯૦–૧૦૦ | ઉભડી જાત, જાડુ થડ, પુષ્કળ પ્રમાણમાં ફુટ, લાંબા અને પહોળા પાન, પાણીની અછત અને ઢળી પડવા સામે પ્રતિકારક |
| ૩ | CAZRI-76 (મારવાડ ધામણ) | ૯૦–૧૦૦ | છોડની ઉંચાઈ ૫૦–૬૦ સે.મી., પુષ્કળ પ્રમાણમાં ફુટ, પાતળુ થડ, આછા લીલા, લાંબા અને પહોળા પાન, ઢળી પડવા અને દુષ્કાળ સામે પ્રતિકારક |
| ૪ | IGFRI-3108 (મારવાડ ધામણ) | – | – |

**જમીન :**

આ ઘાસને રેતાળ, ગોરાડુ, લાલ, મધ્યમ કાળી અને સારી નિતારવાળી જમીન અનુકૂળ આવે છે. તેમ છતાં તે જંગલમાં પણ સારૂ થાય છે. ચુનાવાળી લાલ જમીન તેને સૌથી વધુ અનુકૂળ આવે છે.

**જમીનની તૈયારી :**

એક વખત મોલ્ડ બોલ્ડ–પ્લાઉથી ઉંડી ખેડ કરીને બે વખત આડી–ઉભી કરબની કે દેશી હળની ખેડ કરી જમીન તૈયાર કરવી.

**વાવણી:**

બિનપિયત ઘાસની વાવણી જુન–જુલાઈ માસમાં પ્રથમ વરસાદે કરવી. જયારે ફેરરોપણી પધ્ધતિમાં જુનની શરુઆતમાં ધરુવાડીયુ તૈયાર કરીને ચાર અઠવાડીયા પછી ફેરરોપણી કરવી જોઈએ.

જયારે પાકની વાવણી હારમાં કરવાની હોય તયારે ૨ થી ૩ કિલો/હે બિયારણનો દર રાખીને ૬૦ થી ૭૫ સેમી ના અંતરે કરવામાં આવે છે. રેતાળ જમીનમાં આ પાકની રોપણી ૪૫ × ૪૫ સેમીના અંતરે કરવી અને વધુ

વરસાદવાળી અને માટીયુકત સારા નિતારવાળી જમીનમાં ૬૦ × ૬૦ સેમીનું અંતર રાખી રોપણી કરવી જોઈએ.

**ખાતરઃ**

જમીન તૈયાર કરતી વખતે ૧૦ થી ૧૫ ટન/હે પ્રમાણે છાણીયુ ખાતર આપવું અને ૩૦ કિલો નાઈટ્રોજન અને ૨૫ કિલો ફોસ્ફરસ પ્રતિ હેકટરે વાવણી વખતે આપવો.

**પિયતઃ**

અંજન ઘાસસુકા વિસ્તારમાં થતુ ઘાસ હોવાથી તે પાણી ભરાઈ રહે તેવી સ્થિતિ સહન કરી શકતું નથી. ઉનાળાનાં દિવસોમાં આછા પિયત આપવાથી તેનો વિકાસ ઝડપી થાય છે ચોમાસાની ઋતુમાં જરૂરીયાત મુજબ પિયત આપવું.

**પાછલી માવજતઃ**

ઘાસની શરુઆતની અવસ્થામાં એક થી બે વખત આંતરખેડ અથવા નિંદામણ કરવા. ત્યારબાદના વર્ષોમાં ઉનાળાની ઋતુમાં એક વખત આંતરખેડ કરવાથી નિંદામણનો નાશ થાય છે અને ઘાસનો વિકાસ સારો થાય છે.

**પાક સંરક્ષણઃ**

આ પાકમાં કીટકો કે રોગોનો ગંભીર ઉપદ્રવ ન હોય પાક સંરક્ષણના પગલા લેવાની જરૂરીયાત રહેતી નથી.

**કાપણીઃ**

પ્રથમ વર્ષે વાવણી પછી ચાર મહીને એક કાપણી લેવી અને બીજા વર્ષે ત્રણ કાપણી અને પછી દરેક વર્ષે છ–છ કાપણી લઈ શકાય છે.

**ઉત્પાદન :**

પિયત વિસ્તારમાં ૪૦૦ થી ૫૦૦ કિવન્ટલ લીલાચારાનું ઘાસ પ્રતિ હેકટરે મળી શકે છે. વરસાદ આધારીત ગૌચર ઘાસ તરીકે ૧૫૦ થી ૨૦૦ કિવન્ટલ પ્રતિ હેકટરે લીલોચારો મળે છે.

**મિશ્ર પાક/આંતરપાક અને પાકની ફેરબદલીઃ**

આ ઘાસને સ્ટાયલો, કલાઈટોરીયા, રજકો, ચોળા કે વાલ જેવા કઠોળ વર્ગના અને જીંજવો તેમજ અન્ય ઘાસ વર્ગના પાકો સાથે મિશ્રપાક તરીકે લઈ શકાય છે. આ ઘાસ સાથે આંતરપાક તરીકે ચોળાનું વાવેતર કરવાથી વધારાનું કઠોળ વર્ગનું સૂકુ ઘાસ મેળવી શકાય છે.